# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યની ૧૫મી વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ - સત્ર દરમિયાન રાજ્યના સર્વાંગી વિકાસ માટે અનેક નિર્ણયો લેવાયા.**
2. **રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં 100થી વધુ નાગરિકોની સમસ્યાનું સમાધાન - મુખ્યમંત્રીએ જનસમસ્યાના ત્વરિત નિવારણ માટે વહીવટી તંત્રને સૂચના આપી.**
3. **રાજ્ય સ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠકમાં સામાજિક સમરસતા માટે લેવાયેલા પગલા સહિતની બાબતોની સમીક્ષા કરવામાં આવી.**
4. **બનાસકાંઠા સહિતના કેટલાંક વિસ્તારોમાં આગામી 29 માર્ચે માવઠાંની આગાહી.**
5. **વર્તમાન સ્થિતીમાં વાવ થરાદના નવા ગામના 200 કુટુંબો માટે ગોબર ગેસ પ્લાન્ટ બન્યો આશીર્વાદરૂપ.**
6. **આજે રામનવમીની ઉજવણી - વિવિધ સ્થળોએ શોભાયાત્રા અને મહાઆરતી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# BUDGET SESSON END

રાજ્યની ૧૫મી વિધાનસભાનું આઠમું અને બજેટ સત્ર ગઇકાલે મોડી સાંજે પૂર્ણ થયું છે. આ સત્ર દરમિયાન રાજ્યના સર્વાંગી વિકાસ માટે અનેક ઐતિહાસિક નિર્ણયો લેવાયા હતા.

આ અંગે સરકારના પ્રવક્તામંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે ,૧૬ ફેબ્રુઆરીથી શરૂ થયેલું આ બજેટ સત્ર ૨૫ માર્ચે પૂર્ણ થયું છે , જેમાં ૨૩ દિવસમાં કુલ ૨૭ બેઠકો યોજાઈ હતી.

બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી

આ સત્રના પ્રશ્નોત્તરી કાળમાં કુલ ૨૩૭ તારાંકિત પ્રશ્નોની ગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે ,નાણા મંત્રી કનુ દેસાઈએ ૧૮ ફેબ્રુઆરીના રોજ રાજ્યનું ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું વિક્રમી અંદાજપત્ર રજૂ કર્યું હતું , જે ગૃહમાં ૫ સાર થયું છે.પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે ,આ અંદાજપત્ર સત્ર દરમિયાન 'ગુજરાત સમાન નાગરિક સંહિતા (યુસીસી) ૨૦૨૬ વિધેયક ' એ ગુજરાતનું ઐતિહાસિક વિધેયક બન્યું છે.

બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી, UCC

----------

પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા– મોનાલી

# Swagat

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગઈકાલે યોજાયેલા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં 100થી વધુ નાગરિકોની સમસ્યાનું સમાધાન લવાયું.આ ઉપરાંત જિલ્લા સ્વાગતમાં 1 હજાર 218 અને તાલુકા સ્વાગતમાં 2 હજાર 294 સહિત 3 હજાર 512 રજૂઆતો અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી.નાગરિક દેવો ભવનો અભિગમ અપનાવતા મુખ્યમંત્રીએ જનસમસ્યાના ત્વરિત નિવારણ માટે વહીવટી તંત્રને સ્પષ્ટ સૂચના આપી હતી.

મુખ્યમંત્રીએ એક વૃદ્ધાની ફરિયાદ સાંભળી તેમને હેરાનગતિ ન થાય તે તાત્કાલિક સુનિશ્ચિત કરવા જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓને દિશાનિર્દેશ કર્યો હતો. મુખ્યમંત્રીએ રાજ્યના વિવિધ વિસ્તારોના ખેડૂતોની સમસ્યાઓનું પણ પ્રાથમિકતાના ધોરણે નિકાલ કરવાના આદેશો આપ્યાં હતાં. સરદાર કૃષિનગર યુનિવર્સિટી દાંતીવાડામાં છેલ્લા 40 વર્ષથી ચાલતી પ્રાથમિક શાળામાં ભણતા 300 બાળકો માટે શાળાના નવા ભવનના બાંધકામની પણ સૂચના અપાઈ હતી.

----------

પીટીસી- ગાંધીનગર – કરણ– મોનાલી

# State Level Vigilance and Monitoring Control Committee Meeting

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્યસ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠકમાં સામાજિક સમરસતા માટે લેવાયેલા પગલા સહિતની બાબતોની સમીક્ષા કરવામાં આવી.

ગઇકાલે ગાંધીનગરમાં યોજાયેલી આ બેઠકમાં જણાવ્યું કે ,નેશનલ હેલ્પલાઇન અગેઈન્સ્ટ એટ્રોસિટીને મળેલી ફરિયાદોના નિકાલમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. રાજ્યમાં વર્ષ 2025માં અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકો પર બનેલી ઘટનાઓ અને અત્યાચારના કિસ્સાઓમાં ચૂકવવામાં આવેલી સહાય અંગે બેઠકમાં ચર્ચા કરાઇ હતી.

મુખ્યમંત્રીએ સામાજિક સમરસતા વધુ સુદ્રઢ બનાવવા સંવેદના પૂર્ણ કામગીરી માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં અનુસૂચિત જાતિ-જનજાતિ પરના અત્યાચારના બનાવોમાં વર્ષ 2025માં કુલ 23.62 કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

----------

ઈન્ફો- પીટીસી- ગાંધીનગર – કરણ– મોનાલી

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# WEATHER

રાજ્યમાં આગામી દિવસોમાં રાજ્યના વાતાવરણમાં ફેરફાર જોવા મળશે.25 થી 28 માર્ચ દરમિયાન રાજ્યમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેશે.29 માર્ચે કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ કે ગાજવીજ સાથે ઝાપટા પડવાની શક્યતા હવામાન વિભાગના વડા એ કે દાસે દર્શાવી છે.

(બાઈટ : ડૉ એ. કે. દાસ, ડાયરેક્ટર, હવામાન વિભાગ)

----------

પીટીસી- અમદાવાદ–હર્ષલ પંડ્યા –મોનાલી

# Chhotaudepur – petrol diseal

રાજયમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી લોકોને અફવાઓથી દૂર રહેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી રહી છે.

છોટાઉદેપુરમાં જિલ્લા પુરવઠા અધિકારીના અધ્યક્ષસ્થાને જિલ્લાના પેટ્રોલ પંપ માલિકો અને ગેસ એજન્સીના સંચાલકો સાથે તાકીદની બેઠક યોજવામાં આવી. જેમાં હાલ ઉપલબ્ધ પેટ્રોલ-ડીઝલના જથ્થા અને તેના વિતરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા પુરવઠા અધિકારીએ નાગરિકોને સોશિયલ મીડિયા પરના ખોટા સમાચાર કે અફવાઓથી ગભરાઈને પેટ્રોલ પંપો પર બિનજરૂરી ભીડ ન કરવા અપીલ કરી હતી.

----------

પીટીસી- છોટા ઉદેપુર – કરણ– મોનાલી

# Biogas Plant

વર્તમાન સ્થિતિમાં ગેસ અને પેટ્રોલ-ડિઝલના પુરવઠા અંગે ચિંતા પ્રવર્તી રહી છે.ત્યારે વાવ થરાદ જિલ્લાના દિયોદર તાલુકાના નવા ગામના પશુપાલકો માટે ગોબર ગેસ આશીર્વાદ રૂપ સાબિત થઇ રહ્યો છે.

બનાસડેરી અને સરકારની વિશેષ પ્રોત્સાહક યોજના હેઠળ ગામના ૨૦૦ જેટલા કુટુંબોને ગોબર ગેસ પ્લાન્ટ આપવામાં આવ્યા હતા.આજે આ તમામ પરિવારો પશુઓના છાણમાંથી ઉત્પન્ન થતા ગોબર ગેસ પર જ પોતાના પરિવારની રસોઈ બનાવી રહ્યા છે.

આ પહેલને કારણે ગ્રામીણ મહિલાઓને ચૂલાના સ્વાસ્થ્યવર્ધક ધુમાડામાંથી મુક્તિ મળી છે , સાથે જ LPG સિલિન્ડરના ખર્ચમાંથી પણ કાયમી છુટકારો મળ્યો. ગામના સરપંચ હિતેશ ચૌધરીએ જણાવ્યું હતું.

(બાઈટ : હિતેશ ચૌધરી, સરપંચ)

----------

પીટીસી- બનાસકાંઠા –હર્ષલ પંડ્યા –મોનાલી

# Ramnavami

રાજ્યમાં આજે રામ નવમીની ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ચૈત્ર સુદ નવમીએ ભગવાન રામનું પ્રાગટ્ય થયું હતું. રાજ્યભરના રામ મંદિરોમાં મોટી સંખ્યામાં ભક્તો ભગવાન રામના દર્શન કરી રહ્યા છે. રામ નવમી નિમિત્તે આજે રાજ્યમાં વિવિધ સ્થળોએ શોભાયાત્રા મહાઆરતી અને રામકથાનું આયોજન કરાયું છે.

----------

ડેસ્ક – કરણ– મોનાલી

# PORBANDAR COAST GUARD EXERCISE

પોરબંદરના અરબી સમુદ્રમાં રીઝનલ સર્ચ અને રેક્સ્યૂ એક્સરસાઇઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય કોસ્ટગાર્ડની સાથે વિવિધ સુરક્ષા એજન્સીઓ સંકલનમાં જોડાઈ દરિયાઈ રાહત બચાવની કામગીરીનું નિદર્શન કરાયું હતું. પોરબંદર ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા આયોજિત એક્સરસાઇઝમાં કોસ્ટગાર્ડના 8 જેટલા જહાજ તથા એરક્રાફ્ટ શામેલ થયા હતા.

પેસેન્જર વિમાનમાં આગ લાગતા દરિયામાં ઇમર્જન્સી લેન્ડિંગ ,આગ બુઝાવી રેસ્ક્યુ ઓપરેશન ,દરિયામાં ડૂબતા વ્યક્તિઓનું રેસ્ક્યુ તેમજ સતત ડ્રોનીયર એરક્રાફ્ટની મદદથી વિસ્તારમાં પેટ્રોલિંગ જેવા ઓપરેશનનું આ કવાયતમાં નિદર્શન કરાયું હતું.

----------

પીટીસી- પોરબંદર – હર્ષલ પંડ્યા– મોનાલી

# DAHOD TOURISM

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી અંગે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક દરમ્યાન કલેકટરે દાહોદ જિલ્લાના પ્રવાસન સ્થળો એ જેવા કે, રતનમહાલ, ઉધાલ મહુડા, સાગટાળા, રામપુરા સહિત અન્ય તમામ પ્રવાસન ક્ષેત્રોમાં પ્રવાસી લોકો માટે જરૂરી જીપ્સી કાર , બોટિંગ માટે બોટ , ઝીપ લાઈન , ટ્રી હાઉસ , લાઈફ જેકેટ , સોલાર લાઈટ, ટેન્ટ, રૂટ પ્લાનિંગ તેમજ શૌચાલય સહિત જે-તે પ્રવાસન સ્થળ માટે જરૂરી તમામ સુવિધાઓ માટેની તમામ વ્યવસ્થાઓ કરવા સુચના આપી હતી.

----------

અખબારી યાદી – હર્ષલ પંડ્યા– મોનાલી

# PATAN SCHOOL OPENING

પાટણ જિલ્લાના બાસ્પા ખાતે જાણીતા હાસ્યકલાકાર,લેખક અને સમાજસેવક ડો.જગદીશ ત્રિવેદી પદ્મશ્રી દ્વારા નિર્મિત પંદરમી શાળા ,સ્વામી સચ્ચિદાનંદજી માધ્યમિક શાળાનું ગઇકાલે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સમી તાલુકામાં આવેલા બાસ્પા ગામ અને સ્વામી સચ્ચિદાનંદજીના વતન મૂજપુર પાસે તૈયાર થયેલી કુલ દસ ઓરડાની આ માધ્યમિક શાળાને જગદીશ ત્રિવેદીએ "સ્વામી સચ્ચિદાનંદજી માધ્યમિક શાળા" નામકરણ કર્યું છે.

ગાંધી આશ્રમ , ઝીલીયા દ્વારા સંચાલિત આ શાળાનું સંચાલન પદ્મશ્રી પુરસ્કૃત ગાંધીવાદી શિક્ષણશાસ્ત્રી માલજીભાઈ દેસાઈ અને એમની સંસ્થા કરશે.

----------

પીટીસી- પાટણ – હર્ષલ પંડ્યા– મોનાલી

# PANCHMAHAL – CHAITRA NAVRATRI

ચૈત્રી નવરાત્રી દરમિયાન યાત્રાધામ પાવાગઢ ખાતે આવતા શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને , ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા વિશેષ ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વિસ્તારમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી પેઢીઓની તપાસ કરી સ્થળ પર જ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન તૈયાર ખોરાક અને મીઠાઈના કુલ ૨૦ નમૂના લઈ પૃથ્થકરણ માટે સરકારી પ્રયોગશાળામાં મોકલાયા હતા.

ખોરાક અને ઔષધ નિયમન વિભાગ દ્વારા જણાવાયું હતું કે રિપોર્ટ આવ્યા બાદ જો કોઈ ખામી જણાશે તો સંબંધિત વિક્રેતાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

----------

PTC, PANCHMAHAL = HEMANGINI SONARA = SHIRALI